દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

બુધવાર ૨ ઓક્ટોબર, ૨૦૨૪

દેશમાં થોડો વધુ વરસાદ પણ હવે કેમ વિનાશક પુરવાર થઈ રહ્યો છે?

દેશમાં ૨૦૨૪ની નૈઋત્યની ચોમાસુ ઋતુ સોમવારે સત્તાવાર રીતે પુરી થઇ છે, જેમાં ભારતમાં સરેરાશ ૯૩૪.૮ મીમી વરસાદ નોંધાયો છે જે લાંબા ગાળાની સરેરાશના ૧૦૮ ટકા છે અને ૨૦૨૦ પછી સૌથી વધુ છે એમ ભારતીય હવામાન વિભાગના આંકડાઓ જણાવે છે. આપણે ત્યાં નૈઋત્યનું ચોમાસુ ૧ જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધી ગણાય છે. આ ઋતુ સમાપ્ત થઇ હોવાની જાહેરાત સત્તાવાર રીતે હવામાન ખાતાએ ભલે ૩૦ સપ્ટેમ્બરના રોજ કરી હોય પરંતુ હજી પણ થોડા દિવસ વરસાદ આવે તો નવાઇ નહીં, કારણ કે છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસુ વિલંબથી પાછુ ખેંચાઇ રહ્યું છે. ચોમાસુ પુરુ થવાની સત્તાવાર તારીખ ભલે ૩૦ સપ્ટેમ્બર હોય પણ આપણા ગુજરાતમાં વર્ષોથી ચોમાસુ ૧૫ સપ્ટેમ્બરની આસપાસ વિદાય લઇ લેતું હતું પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી સપ્ટેમ્બરના અંત સુધી કે ઓક્ટોબરના શરૂઆતના દિવસોમાં પણ આપણે ત્યાં વરસાદ પડતો હોય તેવું બને છે. આ વખતે પણ સપ્ટેમ્બરના છેલ્લા દિવસોમાં પણ વરસાદ પડ્યો જ છે અને હવે ઓકટોબરમાં વરસાદ પડે છે કે નહીં તે જોવાનું રહે છે, ચોમાસુ પાછુ ખેંચાવાની શરૂઆત થઇ ચુકી હોવાનું થોડા દિવસ પહેલા જ જાહેર કરાયું છે અને તેથી કદાચ ઓકટોબરમાં આ વખતે વરસાદ નહીં પડે તેવું બની શકે.

હવામાન ખાતાના આંકડાઓ મુજબ મધ્ય ભારતમાં આ પ્રદેશની લાંબા ગાળાની સરેરાશ કરતા ૧૯ ટકા વધુ વરસાદ થયો છે, જ્યારે દક્ષિણી દ્વીપકલ્પમાં સામાન્ય કરતા ૧૪ ટકા વધુ અને ઉત્તર પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતા ૭ ટકા વધુ વરસાદ થયો છે. પૂર્વ અને ઉત્તરપૂર્વમાં જો કે સામાન્ય કરતા ૧૪ ટકા ઓછો વરસાદ નોંધાયો છે એમ આંકડાઓ દર્શાવે છે. આ વર્ષે દેશમાં જૂન મહિનામાં ૧૧ ટકા ઓછો વરસાદ થયો હતો, પરંતુ તેના પછી જુલાઇમાં સામાન્ય કરતા ૯ ટકા વધુ, ઓગસ્ટમાં ૧૫.૭ ટકા વધુ અને સપ્ટેમ્બરબમાં ૧૦.૬ ટકા વધુ વરસાદ થયો છે. ૨૦૨૦માં ૯૫૮ મીમી વરસાદ થયો હતો જે ઘણો વધારે હતો. આ વખતે સરેરાશ વરસાદ બહુ વધારે તો થયો નથી પણ તેણે કેટલાક સ્થળે ઘણો વિનાશ કર્યો છે તે એક કરૂણ બાબત છે. કેરળની વાયનાડની ઘટના તો ક્યારેય ભૂલી નહીં શકાય તેવી કરુણાંતિકા રહી છે.

ભારતમાં ચોમાસની ઋતુ ખેતી ક્ષેત્ર માટે ખૂબ મહત્વની છે. હજી પણ દેશનો બાવન ટકા ખેતીનો વિસ્તાર વરસાદ પર આધાર રાખે છે. ભારતમાં જળાશયોમાં પાણી ભરવા માટે પણ વરસાદ ખૂબ જરૂરી છે જે જળાશયો પીવાનું અને વપરાશનું પાણી પુરુ પાડે છે અને વિદ્યુત ઉત્પાદનને ટેકો આપે છે. દેશ માટે ચોમાસુ વરસાદ ખૂબ જરૂરી છે અને આ વખતે વરસાદ સરેરાશ કરતા થોડો વધારે થયો તે આનંદની પણ બાબત છે પરંતુ આપણે ઉપર જોયું તેમ તે આ વખતે કેટલાક વિસ્તારોમાં વિનાશક કે નુકસાનકારક પણ રહ્યો છે. કેરળના વાયનાડની તો ભૂપ્રપાતની ઘટના તો અતિભયંકર હતી. હિમાચલ પ્રદેશમાં પણ તેણે ઠીક ઠીક વિનાશ કર્યો છે. આપણા ગુજરાતમાં અને પાડોશના મહારાષ્ટ્રમાં પણ પૂરની ઘટનાઓએ જાનહાનિઓ અને નુકસાન સર્જ્યા છે. દક્ષિણ ગુજરાતના નવસારી અને બિલિમોરા જેવા સ્થળોએ એકથી વધુ વખત પૂરની સ્થિતિ સર્જાઇ, તાપી પણ તેનું રૌદ્ર સ્વરૂપ દેખાડી ગઇ અને વડોદરામાં તો આ વખતે વરસાદે ભયંકર સ્થિતિ સર્જી. પ્રશ્ન એ થાય છે કે વરસાદ ઘણો વધારે પડતો ન હતો છતાં પૂરની સ્થિતિ કેમ સર્જાઇ? નાના-મોટા શહેરોમાં નદી કાંઠાઓ નજીક થયેલા આડેધડ બાંધકામો અને દબાણો થોડા વધારે વરસાદમાં પણ પૂરની સ્થિતિ સર્જી દે છે એમ જણાયુ છે. નદીઓમાં બેજવાદારીપૂર્વક ઠલવાતા કચરાએ નદીઓને છીછરી બનાવી દીધી છે અને થોડા વધુ વરસાદમાં જ તે છલકાઇ જાય છે અને પૂર આવે છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પર્યટકન અને યાત્રાસ્થળો માટે સગવડો વિકસાવવાના નામે કરાયેલા અવિચારી બાંધકામો એ તો ખૂબ જોખમી સ્થિતિ સર્જી છે. ભવિષ્યમાં જો વધુ મોટી કરૂણાંતિકાઓ અટકાવવી હશે તો આ બધી બાબતોમાં નક્કર પગલા લેવા જ પડશે.

નળ સરોવરના કાંઠે તરસ્યા પઢારોને ટેકો કરીએ

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લા સરહદે નળસરોવરમાં ખરું નામની વનસ્પતિ પુષ્કળ થાય છે. ખરુંને સંસ્કૃતમાં નદ કહે છે. સરોવરની આસપાસ “નદ ઘાસ”મોટા પ્રમાણમાં થતું હોવાથી લોકોએ તેને નસરોવર કહ્યું અને કાળક્રમે તેમાંથી નળસરોવર એમ રૂપાંતર થયું.

નળસરોવર એ તો પંખીઓનું પિયર છે. દર વર્ષે અહીં શિયાળા દરમ્યાન દેશવિદેશનાં અનેક પંખી આવે છે. પૂર્વાકાશેથી સૂરજનાં કિરણ ધરતી ઉપર પડે ત્યારે સમગ્ર નળસરોવર પંખીઓના કલરવથી ગૂંજી ઊઠે છે. નળસરોવર આસપાસ વસતાં લોકો પઢાર (રખેવાળ) તરીકે ઓળખાય છે. પઢારો જળચર અને ભૂચર પક્ષીઓના અઠંગ શિકારી છે. ભાગતી માછલીને હાથ વડે પકડી પાડે છે. તેવી જ રીતે માથા ઉપર છોડવાં નાખી પ્રતીક્ષા કરી પાણી ઉપર બેસતાં પક્ષીના પગ પકડી શિકાર કરી લે છે. ચોમાસું બેસવાની સાથે નળસરોવરમાં ખારું, છૈયા અને ડિલાનો ભારે ઉગાવો થાય છે. પાણીના કારણે આ ઘાસ ખૂબ ઊંચાઈએ વધે છે. એની સળીઓ લીલીછમ અને સુંવાળી હોય છે. પઢારો તેમાંથી કૂબા (શંકુ આકારનાં ઘર) બનાવે છે. આ વનસ્પતિમાંથી પઢારો તરાપા પણ બનાવે છે.

નળસરોવર આસપાસ લીલાશવાળી જમીનમાં થેંગ નામની વનસ્પતિ થાય છે. પઢારો થેંગના લોટના રોટલા બનાવીને ખાય છે. નળસરોવરમાં બીડ નામનું કંદમૂળ થાય છે તે પણ સ્થાનિક લોકો ખાય છે. નળમાં જુદી જુદી માછલીઓ થાય છે. તે મીઠું દઈને આધેનાં ગામોમાં વેપાર કરે છે. નળસરોવરમાં ચોમાસામાં શેવાળ મોટા પ્રમાણમાં થાય છે. કાંઠાનાં ગામોની ભેંસો તો આખો દિવસ નળમાં તરતી તરતી શેવાળ અને વનસ્પતિ વાગોળતી જ હોય છે. પઢારો શાંતિપ્રિય સમૂહ છે. આમ છતાં કોમના અંદરોઅંદરના ઝઘડાનો નિકાલ તેમના પંચ દ્વારા અથવા બાર ગામની ન્યાતના પંચ દ્વારા થતો હોય છે. પઢારો કૉર્ટ-કચેરીમાં પડતા નથી.

અંગ્રેજ કાળના અમલદાર કર્નલ વૉટ્સન લખે છે કે પઢાર સિંધમાંથી ૯૫૦ વર્ષ પહેલાં ભાલ પ્રદેશમાં આવ્યા હશે. એવી પણ માન્યતા છે કે પઢાર બલુચિસ્તાનમાંથી સિંધમાં આવ્યા હશે. નળ કાંઠાનાં ગામોમાં આજે જ્યાં પઢારોની વસ્તી છે, ત્યાં સમા મુસલમાનની પણ વસ્તી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં સમા મુસલમાન નળકાંઠા સિવાય ક્યાંય બીજે જોવા મળતાં નથી. નળસરોવરને કાંઠે હિંગળાજ માતાની દેરી છે અને આ દેરીની પૂજા પણ આદિ કાળથી સમા મુસલમાન ફકીરો કરે છે. સમા મુસલમાનોના રિવાજ મુજબ અહીં નિકાખાની થાય છે. પણ છેડાછેડી છોડવા માતાના મઢે જવું પડે છે અને માતાજીને નૈવેદ્ય કરવું પડે છે. વદ આઠમના દિવસે માતાના મઢે સહુ ભેગાં થાય છે. ખીજડાનાં પાનની ચૂંદડી બનાવીને માતાને ઓઢાડે છે, ભૂવા ધૂણે છે, ડાકલાં વાગે છે અને માતાના માથેથી ફૂલનો દડો ભૂવાના ખોળામાં પડે તે આધારે, વરસ કેવું જશે તે અંગેની માન્યતા પ્રચલિત બને છે. હિંગળાજ નામે એક શૂરવીર રાજવી સ્ત્રી સાથે વૈશાખ સુદ ચોથના રોજ પઢારો સિંધ પ્રદેશમાંથી નળસરોવરે આવવા નીકળ્યાં હતાં તેવી માન્યતા પણ છે અને તેથી આ દિવસે બધા પઢારો ઉત્સવ મનાવે છે. માતાજીને નૈવેદ્યમાં પાડો ધરાવવામાં આવે છે. થાળીમાં લોહી ભરી માતાની સામે મૂકે છે.

પઢારોનું જીવન માત્ર ખેતી અને પશુપાલન આધારિત રહેતું નથી. તેમનો જીવનનિર્વાહ મજૂરીમાંથી થયેલી આવક દ્વારા પણ થાય છે. આમ, ટૂંકી ખેતી ધરાવતા પઢારોએ બાવડાના બળે ઝઝૂમવાનું હોય છે. નળકાંઠામાં કોઈ ઉદ્યોગ તો નથી, સિંચાઈ ગોઠવાઈ નથી. જમીન ઓછી છે એટલે મજૂરી માટે ઉનાળામાં મોટા ભાગનાં પઢારો દૂર દૂરનાં સ્થળોએ નીકળી પડે છે. ચોમાસામાં નદીઓના વોકળા અને ઉપરવાસમાં પાણી આવે ને નળસરોવર છલોછલ ભરાઈ જાય. તે વખતે પાણી મીઠું હોય છે. પરંતુ જાન્યુઆરી મહિનો આવતાં પાણી ખારું થઈ જતાં નળસરોવરનું પાણી ખેતીના કામમાં અનુકૂળ નથી રહેતું. આથી પઢારો માટે સ્થળાંતર એ જ જીવનનિર્વાહ માટેની આશા બની રહે છે.

એક જમાનામાં જાહોજલાલીથી ભરપૂર નળકાંઠાનો પ્રાકૃતિક વિસ્તાર ખંભાતના અખાતથી કચ્છના રણ સુધી જળસભર હતો. ભાલ નળકાંઠા વિસ્તારમાં અનેક સ્થળે વહાણ લાંગરવાનાં કડાં આજે પણ જોવા મળે છે. પૂર્વ કાંઠે ગામ શિયાળ અને હડપ્પા સંસ્કૃતિના લોથલના સંબંધો નળ સુધી જોડાય છે. ઈતિહાસ પુરાતત્ત્વ અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ૧૧મી શતાબ્દી સુધીની માહિતી આ વિસ્તારમાં સંગ્રહિત છે. પરંતુ આજે આ વિસ્તાર નપાણિયો બન્યો છે. કાળી અને ગોરાડુ ક્ષારયુક્ત જમીન હોવાથી ખેતી પણ ચોમાસાના વરસાદ પર આધારિત બને છે. માત્ર ઘઉં, કપાસ અને ચણાના પાક રહ્યા છે. આમ નળસરોવરે દાયકાઓથી વિકસતું માનવજીવન ચીંથરેહાલ બન્યું છે. સરોવર આસપાસ વસેલા લીંબડી તાલુકાનાં રાણાગઢ, રળોલ, ધરજી અને બીજાં નવ ગામડાંઓમાં વસતાં પઢારોને રાજ્ય સરકારે વિચરતી આદિવાસી જાતિનો દરજ્જો આપ્યો છે. જિલ્લા આયોજન મંડળ નળકાંઠા વિસ્તાર વિકાસ માટે વધારાનું ફંડ વાપરે છે છતાં સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ પછી પણ નળકાંઠાના પઢારો પરિસ્થિતિના ગુલામ બની જીવન વેઠે છે.

નળકાંઠામાં પુખ્ત વયનાં પઢાર સ્ત્રીપુરુષો પોતાના ૧થી ૩ વર્ષનાં બાળકો સાથે રોજગારી માટે વર્ષનાં ૧૮૦થી ૨૦૦ દિવસ ગુજરાત અને રાજસ્થાન અસ્થાયી વસવાટ કરે છે. જ્યારે ૪થી ૧૪ વર્ષનાં કિશોર-કિશોરીઓ પોતાના ગામમાં કુટુંબનાં વૃદ્ધો પાસે રહે છે. આવાં બાળકોની સંખ્યા ૨૫૦૦૦ થી વધુ છે. આવી સામાજિક વિષમતાના કારણે પઢાર કોમના યુવકોમાં બાળવિવાહ અને જાતીય વિકૃતિના પ્રશ્નો જોવા મળે છે. ખોદકામના વ્યવસાય અંગે વર્ષ દરમ્યાન હથી ૮ માસ અત્યંત કઠિન, ભટકતું અને અગવડભર્યું જીવન જીવતા યુવક પઢારોમાં અને સવિશેષ સ્ત્રીઓમાં શારીરિક સ્વચ્છતાનો અભાવ રહે છે. આથી તેઓમાં મોટા પ્રમાણમાં ચામડી અને જાતીય રોગો જોવા મળે છે. તમાકુ, ધૂમ્રપાન અને દારૂના વ્યસનના કારણે સ્ત્રીપુરુષોમાં રોગજન્ય સ્થિતિ વધુ રહે છે. આવી નાજુક સ્થિતિ છતાં પણ સક્ષમ આરોગ્ય સુવિધા આ ક્ષેત્રમાં જોવા મળતી નથી.

નળકાંઠાનાં પઢારોએ જીવન ટકાવી રાખવા માટે જમીન અને પશુઓનો આધાર લીધો છે. નળસરોવર આસપાસની ૧૩,૦૦૦ એકર ખેતીની જમીનમાં તેઓ મુખ્યત્વે ડાંગર, કપાસ અને જીરાની ખેતી પણ કરે છે. જ્યારે ભેંસો, ગાયો અને બકરાંના દૂધમાંથી તેમના ખોરાકની અને છૂટીછવાયી જરૂરિયાત સચવાય છે.

કપરી પરિસ્થિતિની વચ્ચે પણ નળકાંઠાની બહેનોમાં ભરત,ગૂંથણ અને મોતીકામનો કસબ ધબકે છે. બહેનો ભરત,ગૂંથણ અને ઊની શાલ વણવાના કામ દ્વારા પૂરક આવક મેળવે છે, જેઓને બજારનો સહકાર જરૂરી બને છે. પઢાર પુરુષોનાં મંજીરા-નૃત્ય રાષ્ટ્રભરમાં જાણીતાં છે. પઢારોનાં સમૂહ નૃત્યો દર્શનીય છે. ગુજરાતનાં મુખ્ય શહેરોમાં કાર્યક્રમો યોજી નૃત્યોમાંથી મળતી આવક પઢાર ક્ષેત્રના વિકાસ માટે ઉપયોગમાં લેવા શક્યતા છે. પઢાર કુટુંબોને સહકારી ધોરણે માછીમારી કરવાની છૂટ મળે તે માટે રાજ્યના વનવિભાગ, મત્સ્યઉદ્યોગ વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલનની આવશ્યક્તા છે. નળકાંઠા આસપાસના ક્ષેત્રમાં વાગડ કપાસનું વાવેતર થાય છે. આથી કપાસનું સ્થાનિક રીતે એકત્રીકરણ કરીને તે પૂણી તથા દોરાના ઉત્પાદન સુધી આગળ લઈ જવામાં આવે તો વિકેન્દ્રિત ધોરણે ૭૦૦ ઘરોમાં યુવકોને કાયમી રોજી આપી શકાય.

એક તરફ વધતી જતી આર્થિક જરૂરિયાત વચ્ચે બજારવ્યવસ્થાનું પ્રભુત્વ મજબૂત બનતું જાય છે, તો બીજી તરફ ટૂંકા ગાળાના રાજકીય વિકાસના કાર્યક્રમોમાં પ્રજાકીય અસર ઘટી રહી છે, ત્યારે રાજ્યના સ્થાપિત માળખાગત આધારને તોડી લોકોને આપમેળે ઊભા કરવાનો સમય પાકી ગયો છે. ગ્રામીણ ક્ષેત્રે પ્રજાકીય વિશ્વાસની સામાજિક વ્યવસ્થા ટકાવી રાખવા ખાતરીબદ્ધ ગ્રામવિકાસનો અભિગમ અંકે કરવો પડે અને આ માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ વૈજ્ઞાનિક ઢબે ગામડાંઓને વિકાસની મુખ્ય ધારામાં સમાવી લેવા અભ્યાસપૂર્ણ અને સ્વતંત્ર કાર્યક્રમો અમલી કરવા પડશે. સ્વર્ણિમ ભારતની કલ્પનાને વિજ્ઞાન અને તકનીક સાથે જોડી શ્રમિકોના જીવનને આગળ લાવીશું તો જ નવી વ્યવસ્થા ગરીબોના મિત્ર જેવી સાબિત થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

બાપુનાં નામ અને કામ

આજે નવી પેઢી કદાચ ગાંધીબાપુના નામ અને કામથી પરિચિત નથી. એમને સત્યની તાકાતની કદાચ ખબર જ નથી. યુવા પેઢી અહિંસાથી 7 ગાવ દૂર જ છે. બાપુએ વિશ્વને આપેલાં બે અમોઘ શસ્ત્રો “ સત્ય “ “ અહિંસા “ થી વાકેફ નથી. આત્મબળથી સલ્તનતને પણ હરાવી શકાય છે એવું માની શકશે નહીં. ગાંધીબાપુના ઉપવાસ તો હવે ભવિષ્યમાં પણ જોવા મળશે નહીં. બાપુની ઉપવાસ માત્રની જાહેરાતથી સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ સહિત આગેવાનોને ફાળ પડતી કે હવે શું થશે? હવે શું કરીશું? અંતરાત્માનો અવાજ તો 2014 પછી આપણે સાંભળવાનું જ બંધ કરી દીધું છે. નૈતિક મૂલ્યો સાફ સફાઈ સંપ સ્વાવલંબન સત્ય અને માત્ર સત્ય જ બોલવું, અહિંસા પર વધુ ભાર મૂકવો. બધું જ આપણે કેટકેટલું ભૂલી ગયાં છીએ. નવી પેઢીને શું શીખવીએ? આજે ભારત તો ઠીક, વિશ્વના કોઈ પણ દેશમાં એક એવો નેતા બતાવો, જે પોતાના દેશની ગરીબી, બેકારી જોઈ કાયમ માટે વકીલનો થ્રી પીસ સુટ છોડી માત્ર એક પોતડી હંમેશા માટે ધારણ કરી લે. છે કોઈ આજના હાઈફાઈ નેતાઓના જમાનામાં આવા નેતા? દૂર દૂર સુધી કોઈ નજર આવશે નહીં. ઓછામાં ઓછી જરૂરિયાતો રાખવી, ભોગવાદની નીતિને આપણે યાદ રાખી હોત કદાચ દેશ વધુ અમીર હોત. ગુજરાતના પોરબંદર જેવા નાનકડા શહેરમાં જન્મી વિશ્વનેતા ભારતના રાષ્ટ્રપિતા બનવું એ તમે આજે તો કલ્પી પણ ના શકો. જેના એક બોલનું આખા વિશ્વમાં વજન પડે એવો નેતા હવે કદાચ આપણને જોવા નહીં મળે. જે નાથુરામ ગોડસે સહિતના કાર્યકરોએ ગાંધીવધ કર્યો હતો એ લોકો હવે મજબુરીમાં બાપુની પુણ્યતિથિ ઉજવવા બહુ ઉતાવળા બન્યા છે. ગાંધી નામ નહીં વિચારધારા છે. ધરતી વરસોવરસ તપ કરે પછી યુગપુરુષ ગાંધી જન્મે છે. આવા મહાન એકમેવ લોકલાડીલા નેતાની સંપત્તિ જુઓ તો હાથે વણેલી ખાદી, કેડે બાંધેલી બાવા આદમના જમાનાની ઘડિયાળ, લાકડી અને રેંટિયો હતાં. વિશ્વના આ અણમોલ અનન્ય અને અતુલ્ય મહામાનવનાં ચરણોમાં સમગ્ર વિશ્વમાં વસતાં સત્ય અને અહિંસામાં વિશ્વાસ રાખનારાં કરોડો ગાંધીપ્રેમીઓના બાપુનાં ચરણોમાં કોટિ કોટિ વંદન.

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

પૂજ્ય બાપુના વિચારો: સત્ય, અહિંસા અને આત્મશુદ્ધિ વિશે

પૂજ્ય મહાત્મા ગાંધીનો જન્મ 2જી ઓકટોબરે 1869ના દિને પોરબંદરમાં થયો હતો. તેમની શિષ્યા મીરાબેને તેમને બાપુનું ટાઇટલ આપ્યું હતું. રવિન્દ્રનાથ ટાગોરે તેમને મહાત્મા કહેવા માંડયું. સુભાષચંદ્ર બોઝે પૂ. બાપુને ફાધર ઓફ ધ નેશનલ કહ્યા હતા. યુનાઇટેડ નેશન્સ પણ 2જી ઓકટોબરને ઈન્ટરનેશનલ ડે ઓફ નોનવાયોલન્સ તરીકે સેલીબ્રેટ કરે છે. તેમના સત્ય, અહિંસા અને આત્મશુદ્ધિ અંગેના વિચારો તેમના શબ્દોમાં જ હું રજુ કરું છું. સત્યની મારી પૂજા મને રાજકારણમાં ખેંચી ગઈ. ધર્મને રાજકારણ સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી. આત્મશુધ્ધિ વિના જીવમાત્રની સાથે ઐકય ન જ સધાય. આત્મશુધ્ધિ વિના અહિંસાનું પાલન સર્વથા અસંભવિત છે. અશુધ્ધ આત્મા પરમાત્માના દર્શન કરવા અસમર્થ છે, તેથી જીવનમાર્ગના બધા ક્ષેત્રોમાં શુધ્ધિની આવશ્યકતા છે. પણ આ શુધ્ધિનો માર્ગ વિકટ છે એમ હું પ્રતિક્ષણ અનુભવું છું. શુધ્ધ થવું એટલે મનથી વચનથી અને કાયાથી નિર્વિકાર થવું. રાગદ્વેષ આદિથી રહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથવા છતાં હું નિર્વિકારતાને પામી શકયો નથી. તેથી લોકોની સ્તુતિ મને ભોળવી શકતી નથી. એ સ્તુતિ મને ડંખે છે. મનનના વિકારોને જીતવા જગતને જીતવા કરતાં યે મને કઠીન લાગે છે. ભારતમાં આવ્યા પછી પણ હું મારામાં સંતાઇ રહેલા વિકારોને જોઇ શકયો છું. શરમાયો છું. પણ હું હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટયો છે પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને માટે મારે શૂન્યવત બનવાનું છે. મનુષ્ય જયાં સુધી સ્વેચ્છાએ પોતાને છેલ્લો ન મૂકે ત્યાં સુધી તેની મુકિત નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે અને એ નમ્રતા વિના મુકિત કોઇ કાળે ન મળે. સત્યથી ભિન્ન કોઇ પરમેશ્વર હોય એવું મેં અનુભવ્યું નથી. સત્ય સિવાયનું મને કોઈ રાજકારણ આવડતું નથી. તેથી જ આઈન્સ્ટાઇને કહ્યું કે ભવિષ્યની પ્રજા ભાગ્યે જ માનશે કે આવો હાડમાંસવાળો માનવી આ પૃથ્વી પર વિચરતો હતો ઈશિતાની એલચી કોલમમાં ઈશિતાએ સરસ લખ્યું છે કે 2 ઓકટોબર ગાંધી જયંતી અવસરે આગામી 25મી સદીમાં કદાચ એમ કહેવાશે એક હતી પૃથ્વી, એક હતો આદમી ને એક હતો ગાંધી. ગાંધીજીમાં મહાવીરની અહિંસા, બુધ્ધની કરુણા અને જીસસ ક્રાઈસ્ટની માનવતાના ગુણોનો સમન્વય થયો હતો!!

સુરત- ડો. કિરીટ એન. ડુમસિયા

આપણને સુખી થતા કોણ અટકાવે છે?

આપણી લઘુતાગ્રંથી આપણી માનસિકતા સુખી થતા અટકાવે છે આપણે કદી વિચારતા નથી આપણા સ્તરથી નીચેના સ્તરને (વર્ગને) જુઓ તેઓ કઈ રીતે રહે છે ઉપર આભ અને નીચે ધરતી ચોમાસું, શિયાળો અને ઉનાળાના સંકટ સામે તેઓ કઈ રીતે જજુમે છે તેની સરખામણીએ આપણી ઘણા સુખી છે ઉપલા સ્તરની રહી વિચાર કરશો તો આપણે દુખી દુખી થઈ જઇશું કારણ એક જ આપણે ઝાંઝવાના જળ પાછળ અવિરત દોટ મુકીએ છીએ.

અડાજણ - અનિલ શાહ

ભગવાનના પ્રસાદના લાડુમાં પણ ઢોરની ચરબીવાળું ઘી?

તિરૂપતિના તિરૂમાલા વિસ્તારમાં તિરૂપતિ બાલાજીનું જગવિખ્યાત મંદિર આવેલું છે. એ મંદિરના દર્શનાર્થે લાખો ભકતોનો અવિરત પ્રવાહ બારેમાસ ચાલુ રહેતો હોય છે ત્યાં જે પ્રસાદ આપવામાં આવે છે, એ લાડુનો પ્રસાદ હોય છે. પ્રત્યેક યાત્રી ત્યાંથી લાડુનો પ્રસાદ ખરીદીને સાથે ઘેર પણ લેતો આવે છે. એ પ્રસાદ પણ બધે વહેંચવામાં આવે છે. આમ બાલાજીના લાડુનો પ્રસાદ વિશ્વવિખ્યાત બનતો રહ્યો છે. હવે જે ભકતો સંપૂર્ણ શાકાહારી છે, એમને માટે દુ:ખદ બાબત એ જાહેર થઇ છે કે પ્રસાદના એ લાડુમાં વપરાતા ઘીમાં ઢોરની ચરબી અને માછલીનું તેલ ભેળસેળનારૂપમાં જોવા મળ્યા છે. આથી ભગવાનનાં ભકતોમાં વ્યાપક રોષ ફેલાયો છે. એટલું જ નહિ, ભકતોની ધાર્મિક ભાવનાને ભારે ઠેસ પહોંચી છે. તિરૂપતિના લાડુની જેમ અન્ય દેવસ્થાનોમાં બનતા લાડુના, મોહનથાળના કે મગજના પ્રસાદોમાં પણ આવું બિનઆરોગ્યપ્રદ ઘી તો નહિ નાંખવામાં આવ્યું હોય, એવી શંકાઓ ઊઠી છે. ભારતભરમાં આવાં હજારો ધાર્મિક સ્થળો છે, જયાં જથ્થાબંધ પ્રસાદો બને છે. એ બધા શુદ્ધ ઘીમાંથી બનાવવાનો વણલખ્યો ધારો છે. પરંતુ લાંચિયા, ભેળસેળિયા અને ભ્રષ્ટાચારી વ્યક્તિઓ તથા વહીટવદારો આમ, પ્રસાદના લાડુ વગેરેમાં અશુદ્ધ બદી તાત્કાલિક બંધ થવી જોઈએ. પ્રસાદ માત્ર શુદ્ધ ઘીનો જ બનવો જોઈએ. ભેળસેળના દાખલારૂપ સજા કરવી જોઈએ. જો એમ નહિ થાય તો દેવસ્થાનો ઉપરની ભકતોની શ્રદ્ધા ઊઠી જશે.

સુરત - બાબુભાઈ નાઈ

જનરેશન ગેપ

જનરેશન ગેપ શબ્દ વર્ષોથી ચાલતો આવ્યો છે. તે માત્ર બાપ અને દીકરા વચ્ચે નથી હોતો, તે ધંધામાં દરેક ક્ષેત્રે પણ હોય જ છે. હું જયારે ધંધો કરતો હતો ત્યારે જે જૂના વેપારીઓ હતા તેઓ નિવૃત્ત થતા ગયા અને તેમનો કાર્યભાર તેમનાં યુવા સંતાનોએ સંભાળવા માંડ્યો. મારી પણ ઉંમર થઈ હોઈ નવી પેઢી સાથે મનમેળ બેસે નહીં તેથી મેં પણ મારું કામકાજ ધીમે ધીમે છોડી મારા દીકરાને સોંપવા માંડ્યું કારણ કે ઉંમરનો ગેપ નવી અને જૂની પેઢીનો થયો હોઈ સામે નવી પેઢી આવી ગઈ તે મને હવે અંકલ કહીને બોલાવે તે સ્વાભાવિક છે. મને ભાઈ કે શેઠ કહીને બોલાવનારા વેપારીઓ નિવૃત્ત થયા છે એટલે આવકારમાં ફરક દેખાય છે તેથી ધંધાનું ટયુન પણ બેસે નહીં ત્યારે ઉંમરલાયક વ્યક્તિએ જો તેઓ જીદ્દી હોય તો જીદ છોડીને દુનિયા છોડતાં પહેલાં પોતે સમજીને પોતાનાં સંતાનોને ધંધો સોંપી દેવો જોઈએ જેથી તેઓ જમાના સાથે ઝડપથી મેચ થઈ શકે. તમે દીકરાને ધંધો સોંપીને માત્ર ધંધાની પ્રગતિ જોતાં રહો, નુકસાન થતું હોય તો સલાહ સૂચન આપતાં રહો જેથી ભૂલ થતી હોય તો કાર્યભાર સંભાળનાર સજાગ રહે, બાકી જનરેશન ગેપ તો સદાય રહેવાનો જ છે.

સુરત - વિજય તુઈવાલા

દાન કરવાની રીત

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સંતના શિષ્યો આશ્રમનાં સમાજસેવાનાં કાર્યોને આગળ વધારવા માટે ભંડોળ એકઠું કરવા માટે ગામે-ગામ ફરી રહ્યા હતા.એક નગરના નગરશેઠનું નામ દાનવીર શેઠ તરીકે પ્રખ્યાત હતું.બે શિષ્યો તે શેઠની હવેલી પર ગયા અને સેવાકાર્યો જણાવી ભંડોળની માગણી કરી.

શેઠ બોલ્યા, ‘હું તમારા સંપૂર્ણ કાર્ય માટે ધન રાશિ આપીશ,તમારે બીજે ક્યાંય જવાની જરૂર નથી.પણ હું કહું તેમ કરવું પડશે.’બધું જ ભંડોળ એક જ શેઠ આપશે તે સાંભળી શિષ્યો એટલા ખુશ થઇ ગયા કે આગળ કંઈ સાંભળ્યું જ નહિ અને બોલ્યા, ‘મહાદાની શેઠજી તમારી ઉદારતાને વંદન છે. ચાલો અમારી સાથે આશ્રમમાં અમારા ગુરુજી આપને મળીને ખૂબ ખુશ થશે.’

શિષ્યો શેઠને આશ્રમમાં લઇ ગયા અને સંતને જણાવ્યું કે આ ઉદાર શેઠ બધો જ ખર્ચ આપવા તૈયાર છે.સંતે શેઠ સામે જોયું, શેઠજી નમન કરતા બોલ્યા, ‘મહંતજી, આપ માંગશો એટલુ ધન હું આપીશ.બસ મારી એક જ નાની શરત છે કે જેટલા પણ સમાજસેવાનાં કાર્યો તમે કરો તેમાં મારાં માતા-પિતા અને દાદા દાદીનાં નામ લખેલાં હોવાં જોઈએ. મને બીજું કંઈ નથી જોઈતું.’

સંત માત્ર એટલું બોલ્યા, ‘તમારું કોઈ દાન મને સ્વીકાર્ય નથી. ચાલ્યા જાવ તમારા પૈસા લઈને અહીંથી.’શેઠજી આવો જવાબ સાંભળી ચોંકી ગયા. આજ સુધી તેમને આટલું મોટું દાન સ્વીકારવાની ના પાડનાર કોઈ મળ્યું ન હતું.

શેઠજી બોલ્યા, ‘મહંતજી, તમે કેમ આમ કહો છો.હું દાન આપવા માંગું છું અને તમે ના પાડો છો. હજી વધુ ધન જોઈએ છે તો હું તે પણ આપવા તૈયાર છું.’

સંત બોલ્યા, ‘તમારા પૈસા દાન છે જ નહિ. હું સમાજ માટે પરબ ,કૂવા ,દવાખાના, શાળા,ધર્મશાળા વગેરે બનાવવા માંગું છું અને તમે તો પૂર્વજોનું કબ્રસ્તાન બનાવવા માંગો છો એટલે તમારું દાન સ્વીકાર્ય નથી.’

શેઠજી કંઈ સમજ્યા નહિ. તેમણે થોડા ઢીલા અવાજમાં કહ્યું, ‘મહંતજી, કેમ આમ કહો છો? હું તો મારા પૂર્વજોનું નામ જીવંત રાખવા માંગું છું તેમાં મારી શું ભૂલ છે?’

સંત બોલ્યા, ‘દાન આપવા સામે કોઈ શરત ન હોય, માત્ર સમાજસેવાની નિ:સ્વાર્થ ભાવના હોય.તમારા દાનમાં શરત છે...તમે દાન નહિ, દેખાડો કરો છો.

પૈસા આપીને તમારા પૂર્વજોના નામની તકતી ખરીદો છો, તમારા મનમાં બધા તમારી વાહ વાહ કરે અને તમારા પરિવારને યાદ રાખે તેવી લાલસા છે અને જે દાન નિ:સ્વાર્થ ભાવ સાથે ન આપવામાં આવે તો તે દાન નથી લેનારને સુખ આપતું ન આપનારને.સાચું કહેજો, આજ સુધી તમે અનેક વાર ધન આપ્યું હશે, જેને તમે ‘દાન’કહો છો પણ શું તમને તે આપ્યા બાદ આંતરિક સુખ અને શાંતિનો અનુભવ થયો છે?’

શેઠજીએ ના પાડી. તે પોતાની ભૂલ સમજી ગયા.તેઓ ધનની પોટલીઓ સંતના ચરણમાં મૂકી ચુપચાપ ચાલ્યા ગયા પણ રાત્રે શેઠને સાચે જ અત્યાર સુધી ન થયો હોય તેવો ખુશી અને આત્મશાંતિનો અનુભવ થયો અને દાન કરવાની સાચી રીત સમજાઈ ગઈ.

શું ઈઝરાયેલે હિઝબુલ્લાના નેતા નસરાલ્લાહની હત્યા કરીને ઈરાનને અપમાનિત કર્યું છે?

ઈરાન ઈઝરાયેલ સામે બદલો લેવા માટે તેના પ્રાદેશિક પ્રોક્સીઓને એકત્ર કરી શકે છે

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

ઈઝરાયેલના હવાઈ હુમલામાં હિઝબુલ્લાના અનેક ટોચના કમાન્ડરો માર્યા ગયા છે તેમાં તેના નેતા હસન નસરાલ્લાહની સાથે ઈબ્રાહિમ અકીલ અને નાબિલ કૌક જેવા વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ હતા. જેનાથી મધ્ય પૂર્વમાં અશાંતિ વધુ તીવ્ર બની છે.

નસરાલ્લાહનું મોત ઈઝરાયેલ માટે એક મોટી સફળતા છે અને મધ્ય પૂર્વના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે, પરંતુ લાંબા ગાળાની અસર શું હશે તે હજી પણ અસ્પષ્ટ છે.

તેમની હત્યાને લઈને શ્રીનગર અને કાશ્મીર ખીણના અન્ય ભાગોમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. હિઝબુલ્લાહ અને તેના ઈરાની સાથીઓએ દુશ્મન સામે અને પેલેસ્ટાઈનના સમર્થનમાં યુદ્ધ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે. તેણે ચિંતા ઊભી કરી છે કે, એક વ્યાપક પ્રાદેશિક સંઘર્ષ ક્ષિતિજ પર હોઈ શકે છે. ઈઝરાયેલ પણ નોંધપાત્ર સફળતા પછી ચૂપ રહેશે નહીં. એવું લાગે છે કે, ઈઝરાયેલ લેબનોન પર સંભવિત આક્રમણ માટે પાયો નાખી રહ્યું છે, જેણે છેલ્લા 10 દિવસોમાં હિઝબુલ્લાહના લોજિસ્ટિક્સ અને કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યા છે. 2006ના આક્રમણથી વિપરીત, જેમાં ઈઝરાયેલી સેનાએ હિઝબુલ્લાહ સામે સંઘર્ષ કર્યો હતો, ઈઝરાયેલ ભૂતકાળની ભૂલોમાંથી શીખ્યું છે. તે સમયે 34 દિવસીય સંઘર્ષ, જેમાં 121 ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા હતા, બંને પક્ષે ભારે નુકસાન થયું હોવા છતાં મડાગાંઠ સાથે સમાપ્ત થયું હતું. હવે, ઈઝરાયેલ હમાસ સાથેની તેની તાજેતરની લડાઈથી યુદ્ધ-કઠોર થઈ ચૂક્યું છે, જે શુદ્ધ ગુપ્ત માહિતી, યુદ્ધ યોજનાઓ અને મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલીથી સજ્જ છે.આ તૈયારીઓ સાથે હિઝબુલ્લાહને નિર્ણાયક ઝટકો આપવા માટે જમીન પર આક્રમણ થવાની સંભાવના વધી રહી છે.

હિઝબુલ્લાહ તેના મહત્ત્વપૂર્ણ નેતાના નુકસાન પછી આગામી દિવસોમાં ફરીથી એકત્ર થવાની સંભાવના છે, જેમાં ટૂંક સમયમાં એક નવો નેતા ઊભરી શકે છે.

જ્યારે તેના યુદ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ફટકો પડ્યો છે, પરંતુ તેમાંથી મોટા ભાગની કામગીરી ચાલુ છે અને જૂથ વધુ નુકસાન થાય તે પહેલાં તેની બાકીની ક્ષમતાઓનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી શકે છે. આ પ્રકારના પગલાથી તેની રેન્કને પુનર્જીવિત કરી શકે છે

હિઝબુલ્લાહ તેના મહત્ત્વપૂર્ણ નેતાના નુકસાન પછી આગામી દિવસોમાં ફરીથી એકત્ર થવાની સંભાવના છે, જેમાં ટૂંક સમયમાં એક નવો નેતા ઊભરી શકે છે

અને લેબનોન અને ઈરાનમાં તેની સ્થિતિને મજબૂત થઈ શકે છે. તે નવા નેતા, પછી તે કોઈપણ હોય, તેને પણ મદદ કરશે, તેની સ્થિતિને સ્થાપિત કરવામાં પણ મદદ કરશે. વધુમાં, તે નવા નેતાને તેની સત્તાનો દાવો કરવાની અને તેની ભૂમિકાને મજબૂત કરવાની તક આપશે. જોકે, ઈઝરાયેલનો ભૂતકાળ દર્શાવે છે કે, નેતાઓની હત્યા કરવાથી આતંકવાદી જૂથો કાયમી ધોરણે નબળા પડતા નથી - 2008માં તેના લશ્કરી વડા ઈમાદ મુગનીહની હત્યા બાદ હિઝબુલ્લા વધુ મજબૂત બન્યું હતું.

નસરાલ્લાહનું મોત એ ઈઝરાયેલ માટે એક મહત્ત્વપૂર્ણ જીત છે સાથે જ હિઝબુલ્લાહના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નેતૃત્વ પરના તાજેતરના કરેલા હુમલાઓ પણ. જોકે, જૂથ હજી પણ ખતમ થયું નથી. ઈરાન હસન નસરાલ્લાહની હત્યાને નોંધપાત્ર અપમાન તરીકે માને છે, જે થોડા મહિનામાં ઈરાની નેતૃત્વ માટે બીજા ગંભીર નુકસાનને ચિહ્નિત કરે છે - હમાસના રાજકીય નેતા ઈસ્માઈલ હનીયેહની જુલાઈ 2024માં તેહરાનમાં ઈઝરાયેલી હુમલામાં હત્યા કરી નખાઈ હતી. નસરાલ્લાહનું મોત ઈરાનના ક્ષેત્રીય પ્રભાવના સાધનો માટે અભૂતપૂર્વ ફટકો છે. ઈરાની પ્રતિકારક નેતાઓના સમૂહમાં તેમનું અપ્રતિમ મહત્ત્વ હતું.

તેથી, નસરાલ્લાહની હત્યા ઈરાન માટે 2020માં રિવોલ્યુશનરી ગાર્ડ્સના મેજર જનરલ કાસિમ સુલેમાની અને આ વર્ષની શરૂઆતમાં હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હનીયેહની હત્યા કરતાં પણ વધુ મોટું નુકસાન છે.

હનીયેહની હત્યાના જવાબમાં ઈરાને ઈઝરાયેલ પર સેંકડો મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા, પરંતુ આ હુમલાને મુખ્યત્વે નિષ્ફળ કરવામાં આવ્યો હતો અને સ્થાનિક સમર્થકોને ખુશ કરવા સિવાય તેનો કોઈ ખાસ ઉદ્દેશ્ય હેતુ ન હતો.

ત્યાર બાદ ઈરાની અધિકારીઓએ ઝડપથી તણાવ ઓછો કર્યો, યુએનના રાજદૂતે જણાવ્યું હતું કે, હુમલાઓને ‘સમાપ્ત’ માનવામાં આવી શકે છે.

જોકે, નસરાલ્લાહની હત્યાથી ઈરાનની પ્રતિક્રિયા વધુ મજબૂત હોઈ શકે છે. એક વાત એ છે કે, નસરાલ્લાહ હનીયેહ કરતાં વધુ નોંધપાત્ર વ્યક્તિ છે.

ઈરાનના નેતાઓ, ખાસ કરીને સર્વોચ્ચ નેતા અલી ખમેનીએ બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે અને પાંચ દિવસના શોકની જાહેરાત કરી છે. આ મજબૂત ભાવનાત્મક અને રાજનૈતિક પ્રતિક્રિયા ઈરાનના તણાવને વધારવાના ઈરાદાને દર્શાવે છે. ઈરાન ઈઝરાયેલ સામે બદલો લેવા માટે તેના પ્રાદેશિક પ્રોક્સીઓને એકત્ર કરી શકે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં હિઝબુલ્લાએ લગભગ 150,000 રોકેટ અને મિસાઈલોનો સંગ્રહ કર્યો છે. જોકે, તેને અસરકારક રીતે તૈનાત કરવાની તેની ક્ષમતા હવે સવાલો ઊભા કરે છે. કારણ કે, તેનું નેતૃત્વ નાશ પામ્યું છે અને ઘણા લડવૈયાઓ કાં તો માર્યા ગયા અથવા ઘાયલ થયા. જોકે, હિઝબુલ્લાહ લાંબા સમય સુધી શાંત રહેશે તેવી શક્યતા નથી અને ઝડપી પ્રતિસાદની અપેક્ષા રાખી શકાય છે.

ભારત માટે પ્રતિકારની એક કમજોર ઈરાની ધરીનો અર્થ એ છે કે, તેની ભવ્ય પ્રાદેશિક કનેક્ટિવિટી યોજનાઓમાં વિક્ષેપના ઓછા સ્ત્રોત હશે તથા બે-રાજ્ય સમાધાન માટે તેના પરંપરાગત નૈતિક સમર્થનમાં ફેરફારની આવશ્યકતા નહીં હશે.

ભારતનું માનવું છે કે, પેલેસ્ટાઈનનો મુદ્દો ઈરાન જેવા ત્રીજા પક્ષકારના હસ્તક્ષેપ વગર આરબ-ઈઝરાયેલ વાટાઘાટોના માધ્યમથી જ હલ કરી શકાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.